ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date 22nd May, 2021

પ્રતિ,

તંત્રી શ્રી,

................................, ભાવનગર.

## વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને કેન્દ્ર સ્થાને રાખીને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ઓનલાઈન સમર કેમ્પનું તા. ૦૧-૦૬ થી ૦૫-૦૬-૨૦૨૧ દરમિયાન આયોજન.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

હાલમાં કોરોનાની મહામારીને કારણે શાળાઓ અમુક ચોક્કસ સમયથી બંધ છે. સર્વાંગી વિકાસએ વિદ્યાર્થીઓના જીવનમાં ખુબજ મહત્વનો ભાગ ભજવે છે આ સર્વાંગી વિકાસ મુખ્યત્વે બાળકોને શાળા તેમજ સમર કેમ્પમાં મળતો હોય છે. સમર કેમ્પ મહત્વપૂર્ણ છે, કારણ કે તે બાળકોને વૃદ્ધિ માટે સંરચિત તક આપે છે. દરેક વાતાવરણ તેમના વિકાસમાં ફાળો આપે છે. સમર કેમ્પ એક એવું પ્લેટફોર્મ છે કે વિદ્યાર્થીઓ મનોરંજક પ્રવૃત્તિઓ, કમ્યુનિકેશન કુશળતા, જટિલ વિચારસરણી અને ચોક્કસ વિષયો પ્રત્યેના સમર્પણ, જુદી જુદી પરિસ્થિતિઓમાં સમાધાન, વ્યવસ્થિત અને અનુકૂલન કેવી રીતે કરવું તે વિશે જ્ઞાન પ્રાપ્ત કરે છે.

કોરોના કાળ દરમિયાન શાળાઓ હાલ બંધ છે ત્યારે બાળકોને નવી કુશળતા શીખવાની, નવી પ્રવૃતિઓમાં શામેલ થવાની તક મળે તેવા હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તા. ૦૧-૦૬-૨૦૨૧ થી **૦૫-૦૬-૨૦૨૧ દરમિયાન ૫ થી ૯ ધોરણનાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન સમર કેમ્પનું આયોજન** કરવામાં આવેલ છે.

આ ઓનલાઈન સમર કેમ્પમાં

૧. કાગળની કરામત, ૨. મારી આસપાસનું સરળ ભૌતિકવિજ્ઞાન, ૩. રસાયણ વિજ્ઞાનની રંગભરી દુનિયા,
૪. કૌશલ્ય વિકાસ' અને ૫. સલામત રાહદારી અને ટ્રાફિક જાગૃતિ ચિહ્નો

એમ કુલ પાંચ વિષયો પર વિદ્યાર્થીઓને પ્રાયોગિક પદ્ધતિ દ્વારા ગુજરાતી ભાષાના માધ્યમ થકી શીખવવામાં આવશે. પાંચ દિવસના સમર કેમ્પમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને સમર કેમ્પના અંતે ઈ-પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ ઈ-સમર કેમ્પમાં ભાગ લેવા ઉત્સુક (૧૦૦ની મર્યાદામાં) વિદ્યાર્થીઓએ અમારી વેબસાઈટ www.krcscbhavnagar.org / current events પર તા. 30-૦૫-૨૦૨૧ રાત્રે ૧૧:૫૯ સુધીમાં પોતાના નામની નોંધણી કરવાની રહેશે.

22/05/2021
12:10 pm

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.